# ગુફામાં કોણ કેદ હતું ?

– મીના ઘામેચા

સુંદરપુર નામે એક ગામ. ગામથી વધારે થોડે દૂર ટેકરીઓની પાછળ એક નાનકડું જંગલ હતું. એનું નામ સુંદરવન.

એક દિવસ મોહિતે તેની બહેન મિતાલીને કહ્યું, ''આપણે ઘણા સમયથી જંગલ તરફ રમવા નથી ગયા. અને વળી, વસંતઋતુ છે એટલે ત્યાં વધારે મજા પડશે.''

''અરે ! હા, હા, ચાલો આપણે જઈએ.''

બંને ભાઈબહેન દોડતાં દોડતાં જંગલમાં પહોંચી ગયા. સરસ મજાનાં વૃક્ષોની વચ્ચે બાળકો ફરવા લાગ્યા. બંને બાળકો પંખીઓને અને ખિસકોલીઓને જોતાં જતાં હતાં. ત્યાં જ એક ખિસકોલીને જોઈને બંને નવાઈ પામીને ઊભા રહી ગયા.

બાળમિત્રો, એ કોઈ સામાન્ય ખિસકોલી નહિ પણ લાલ રંગની ખિસકોલી હતી.

''એ બેસીને ખાતી હોય એ જોવાની કેવી મજા પડે નહિ ?'' મિતાલીએ કહ્યું.

બાળકોનો અવાજ સાંભળીને ખિસકોલી દોડીને ઝાડ પર ચડી ગઈ.

બાળકોએ આજુબાજુ નજર દોડાવવા માંડી અને મિતાલીને પૂછ્યું, ''આપણે કઈ બાજુ આવી રહ્યા છીએ ? મને લાગે છે કે ટેકરીઓ પરની ગુફાઓ બાજુ આપણે આવી ગયા છીએ. પરંતુ આપણે એ ગુફાઓ ક્યારેય જોઈ નથી. હંને મોહિત ?''

''ચાલ આપણે આજુબાજુ જોઈએ, મને પણ લાગે છે કે ગુફાઓ અહીં નજીકમાં જ હોવી જોઈએ.''

થોડુંક જ આગળ ચાલ્યા હશે ત્યાં મિતાલીએ આનંદમાં આવી બૂમ પાડી.

''જો ત્યાં સામે પેલું કાંઈક કાળું કાળું દેખાય છે એ જ તો ગુફા નહિ હોય.''

બંને એ તરફ દોડવા લાગ્યા. અને હા ! એ ગુફા જ હતી. કેવું અદ્ભુત !

''આપણે અંદર જઈએ ?'' મિતાલી બોલી.

''હા, હા ચોક્કસ મજા પડશે. ગુફાઓ કાયમ રહસ્યમય હોય છે.'' મોહિત બોલ્યો.

બંનેએ ગુફાના પ્રવેશદ્વાર પાસે ડોકિયું કર્યું. અંદર ખૂબ અંધારું હતું.

''તારી પાસે બેટરી છે મોહિત ? એના સિવાય તો અંદર જતાં બીક લાગે.''

''હા, હા મારી પાસે છે.''

મોહિતે બેટરી ચાલુ કરી ગુફાની અંદર તેનો પ્રકાશ ફેલાઈ ગયો. તે એક સાંકડી, લાંબી અને ભેજવાળી ગુફા હતી. મિતાલીને સારું ન લાગ્યું. છતાં તેણે કહ્યું, ''ચાલ આપણે અહીં ઘર ઘર રમીએ, અહીં અભરાઈ જેવું છે. તું થોડું ઘાસ લઈ આવ આપણે એની સરસ મજાની પથારી બનાવીશું.''

મોહિત આસપાસમાં જઈને ઘાસ લઈ આવ્યો. બંને બાળકોએ સરસ મજાની પથારી કરી દીધી.

અચાનક જ તેમને કોઈનાં પગલાંનો અવાજ સંભળાયો. કોઈએ ગુફામાં ડોકિયું કર્યું. બંને બાળકો બેઠાં થઈ ગયાં. અને એકબીજાની સામું જોવા લાગ્યાં.

ગુફા પાસે એક માણસ ઊભો હતો. તેને માથે ટાલ હતી. તેના હાથમાં થેલી જેવું કંઈક હતું. તે બેટરી ચાલુ કરી સીધો જ અંદર ગુફામાં જવા લાગ્યો.

બંને બાળકો સાઈડમાં છુપાયેલા હતા. તે બાજુએ માણસનું ધ્યાન ગયું નહિ.

પેલો માણસ ગુફામાં અદૃશ્ય થઈ ગયો. બાળકોને કંઈક અવાજ પણ દૂરથી આવતો સંભળાયો.

''આ માણસ અંદર શું કરવા ગયો હશે ? શું એ અહીંયાં રહેતો હશે ?''

''એ આપણને અહીં જોઈને ગુસ્સે ભરાઇ જશે તો ?'' બંને બાળકો ગુસપુસ અવાજે બોલતા ત્યાંથી નાસી જવાનો વિચાર કરતા હતા ત્યાં જ ફરી પગરવ સંભળાયો.

પેલો માણસ પાછો આવતો હતો હવે તેના હાથમાં એક મોટું જગ હતું.

''એ જરૂર બાજુના ઝરણામાંથી જગમાં પાણી ભરવા જતો હશે.'' મોહિતે કહ્યું. બંને બાળકો એકદમ સંકોચાઈને બેસી રહ્યા. જરાક જ વારમાં પેલો માણસ પાણી ભરેલું જગ લઈ ફરી પાછો ગુફામાં અંદર જતો રહ્યો.

''એ ચોક્કસ અંદર ક્યાંક ગુફામાં રહેતો હશે. એટલે જ એ ખાવાનું અને પાણી અંદર લઈ ગયો.'' મોહિતે ધીમા અવાજે કહ્યું.

''આપણે હવે ઘરે જવું જોઈએ.'' મિતાલીએ કહ્યું.

ફરી એ માણસ પાછો આવ્યો અને ગુફાની બહાર નીકળી ટેકરીઓમાં અદૃશ્ય થઈ ગયો.

બંને બાળકો મૂંઝાઈ ગયા. ''એ જો અહીં રહેતો હોય તો આવા સાંજના સમયે એ બહાર કેમ જતો રહ્યો ? કાંઈ સમજાતું નથી.''

''અરે મોહિત ! સાંભળ ગુફાની અંદરથી કાંઈક અવાજ આવે છે.'' અચાનક મોહિતનો હાથ પકડતા મિતાલીએ કહ્યું.

બંને કાન દઈને સાંભળવા લાગ્યાં. અવાજ કંઇક દૂરથી આવતો હતો અને અસ્પષ્ટ હતો. આ શેનો અવાજ હતો ? કોઈ પ્રાણીનો કે માણસનો !

''ઓહ ! હવે સમજાયું. નક્કી અંદર ગુફામાં કોઈ કેદ હોવું જોઈએ જે આ અવાજ કરી રહ્યું છે.''

''હા, લાગે છે કે એ માણસ પેલા કેદી માટે જ ખાવાનું અને પાણી લઈ જતો હશે.''

''જે કોઈપણ કેદ હોય તેને આપણે બચાવવું જોઈએ.''

બંને બાળકો દબાતા પગલે અંદર બેટરીના પ્રકાશના સહારે ચાલવા લાગ્યા. પહેલાં તો કંઈ દેખાયું નહિ. પરંતુ થોડાં આગળ જતાં એક પ્રવેશદ્વારા જેવું દેખાયું.

''અહીંથી જ પેલો માણસ અંદર ગયો હોવો જોઈએ.'' મોહિત બોલ્યો.

બરાબર એ જ વખતે પેલો વિચિત્ર અવાજ ફરી સંભળાયો. બાળકો એટલાં ડરી ગયા કે ત્યાંથી ભાગ્યા. દોડતાં દોડતાં ગુફામાંથી નીકળીને ટેકરીઓની વચ્ચે પહોંચ્યા ત્યારે જ થોભ્યા.

''આપણે કેવાં ડરપોક છીએ. પેલાં બિચારા કેદીને ત્યાં જ મૂકીને આવતાં રહ્યાં.'' હાંફતા હાફતાં મિતાલી બોલી.

''આપણે હવે ઘેર જઈને આ વાતની ચર્ચા કરવી જોઈએ.'' મોહિતે કહ્યું.

બંને બાળકો ટેકરી પરથી ઉતરીને ઘર તરફ ચાલવા લાગ્યા. બસ સ્ટોપ પાસેથી પસાર થતા બસ આવી અને એક માણસ તેમાં ચડયો. મિતાલીએ મોહિતનો હાથ ખેંચ્યો. ‘‘જો બસમાં એ જ માણસ ચડયો કે જેને આપણે ગુફામાં જોયો હતો એ ટાલિયો.’’

‘‘અરે હાં હાં, એ જ છે.’’

બાળકોને તેમના મિત્રો કવિત અને રોહિત ઘર પાસે જ મળી ગયા. તેમણે મિત્રોને બધી વાત માંડીને કહી.

કવિત અને રોહિત એ બધું સાંભળીને રોમાંચિત થઈ ઉઠયો. ‘‘તારા મમ્મીને હમણાં કંઈ વાત ન કરતો. આપણે જાતે જ કાલે બપોરના સમયે જઇને જોઇએ કે ગુફામાં કેદ કોણ છે. શા માટે પેલા માણસે એને ત્યાં કેદ રાખ્યા છે.’’ કવિતે કહ્યું.

‘‘હા, હા એ બરાબર છે. આપણે બધા સાથે જઈશું.’’ ચારેય બાળકો એક સાથે બોલી ઊઠયા.

પેલા કેદીને છોડાવવા બાળકો ખૂબ ઉત્સાહમાં આવી ગયા હતા. રાત જાણે માંડ માંડ પૂરી થઈ.

બીજે દિવસે બપોરે ચારેય જણાં પોતપોતાના હાથમાં ટોર્ચ લઈને નીકળી પડયા.

‘‘પેલો માણસ ત્યાં આવી પહોંચશે તો ?’’ મિતાલીએ થોડા ડર સાથે પૂછ્યું.

‘‘મને લાગે છે કે એ સાંજે ગઈકાલના સમયે જ આવતો હશે. ડરવાની જરૂર નથી.’’ મોહિતે તેને ધરપત આપતા કહ્યું.

થોડીવારમાં જ તેઓ ટેકરીઓ પર પહોંચી ગયા. આ રહ્યું એ ગુફાનું પ્રવેશદ્વાર. તેમણે ગુફામાં ડોકિયું કર્યું. અંદર બિલકુલ અંધારું હતું અને એકદમ શાંતિ પથરાયેલી હતી.

‘‘ખરેખર ! આ રહસ્યમયી ગુફા લાગે છે. કોઈને અહીં કેદ કરવા માટે સારી જગ્યા લાગે છે.’’

‘‘આવી સૂમસામ જગ્યાએ કોઈ આવતું જતું પણ ન હોય.’’

‘‘લાગે છે એ માણસે કેદીને બાંધી રાખ્યો હશે. કોઈનું અપહરણ કરીને પૈસા પડાવવા તો એને અહીં નહિ રાખ્યો હોય ?’’

‘‘તમે બધા હવે ચૂપચાપ ચાલવા માંડો.’’ રોહિત બોલ્યો.

બધા બાળકો દબાતા પગલે ગુફાની અંદર ચાલવા લાગ્યા.

એક પથ્થરની દીવાલ જેવું હતું. ગુફા સાંકડી થતી જતી હતી. બાળકો હારબંધ તેમાં જવા લાગ્યા. ખૂબ અંધારું હતું અને ભેજવાળી માટીની વાસ આવતી હતી. કેટલીક જગ્યાએ છત એટલી નીચી હતી કે તેમને નીચા નમીને ચાલવું પડતું હતું.

બાળકોને રોમાંચ પણ હતો અને થોડો ડર પણ લાગતો હતો કે ક્યાંક આપણે જ આ ગુફામાં પૂરાઈ જઈશું તો ! છતાં તેઓ હિંમતપૂર્વક આગળ વધવા લાગ્યા.

છેવટે પેલા અવાજો આવતા હતા તેની એકદમ નજીક તેઓ પહોંચી ગયા. વેદનાથી કોઈ રૂદન કરતું હોય તેવો અવાજ આવતો હતો.

ગુફામાં એ અવાજના પડઘા પડતા હતા. ચારેય બાળકો એકબીજાને પકડીને ચાલતા હતા. ટોર્ચના પ્રકાશમાં તેમણે જોયું કે એક મોટો પથ્થર એક બીજી ગુફાની આડે મૂકેલો હતો.

''આ પથ્થરની પાછળની બાજુએ જ કોઈ કેદ લાગે છે. આપણે એને સાદ કરી જોઈએ તો ?''

''અંદર કોઈ છે ?'' મિતાલીએ બૂમ પાડી તેનો અવાજનાં પડઘા પડવા લાગ્યા. પણ અંદરથી કોઇ જવાબ ન મળ્યો. બાળકો શાંત થઈ ગયા તો એમને કોઈના ઝડપથી ચાલતા શ્વાસોચ્છવાસનો અવાજ સંભળાયો.

''આપણે મિત્રો છીએ. તમારે ડરવાની જરૂર નથી. અમે તમને મુક્ત કરવા આવ્યા છીએ.'' મોહિતે બૂમ પાડી.

છતાં હજુ પણ અંદરથી કોઇ જ જવાબ નહોતો બાળકોને આ બહુ વિચિત્ર લાગ્યું.

તેઓ મૂંઝાવા લાગ્યા કે પથ્થરને ત્યાં ખસેડેવો કે નહિ. ખબર નહિ કેવા પ્રકારનો કેદી હતો અંદર.

''આપણે એમ કરીએ પથ્થરને થોડોક ખસેડીને જોઇ લઇએ કે કોણ છે એ કેદી.'' રોહિતે મન મક્કમ કરતાં કહ્યું.

ચારેય બાળકોએ ભેગાં થઇને પથ્થર થોડો ખસેડયો. મોહિતે ટોર્ચનો પ્રકાર અંદર ફેંક્યો. તે આભો બની ગયો અને મિતાલીની હળવી ચીસ પડાઈ ગઈ.

અંધારામાં ચાર આંખો તેમની સામે ઘૂરકતી હતી.

''આ પ્રાણીઓ છે. માણસ નથી એટલે એમની આંખો અંધારામાં આમ ડરામણી લાગે છે.'' કવિત બોલ્યો.

''તમે બધા તમારી ટોર્ચ ચાલુ કરો. એટલે આપણે સરખી રીતે જઈ શકીએ.''



બધાએ પોતપોતાની ટોર્ચ ચાલુ કરીને જોયું તો સામે બે સરસ મજાના કૂતરા હતા. તે ઊંચા અને લાંબા નાકવાળા કૂતરા હતા. તેમની આંખોમાં ભય દેખાતો હતો.

''બિચારા કૂતરાઓ હવે ખબર પડી કે આપણી બૂમોનો કોઇ જવાબ કેમ નહોતું આપતું, કેટલા ગભરાઇ ગયા છે. બિચારા ચાલો જલ્દીથી પથ્થર ખસેડીને એમને મુક્ત કરીએ.'' મિતાલી રડમસ અવાજે બોલી.

ત્રણેય છોકરાઓએ પથ્થરને આખો ખસેડી નાખ્યો. કૂતરાંઓ હજુ ડરના માર્યા આગળ ન આવ્યા. મિતાલીને ખૂબ દયા આવતી હતી. તે તેમની પાસે ગઇ અને બંનેને પંપાળ્યા.

કૂતરાઓને હવે ખાતરી થઈ ગઈ કે આ બાળકો અમારા દુશ્મન નથી પણ મિત્રો છે. કૂતરાઓ પણ તેમને ચાટવા લાગ્યા.

''પેલા માણસે જરૂર આ કૂતરા ક્યાંકથી ચોરી કરીને અહીં છુપાવ્યા હશે.'' રોહિત બોલ્યો.

''આપણે આ બંનેને બિચારાને ઘરે લઈ જઈએ.''

બંને કૂતરા સાથે ચારેય બાળકો ગુફાની બહાર આવ્યા. પેલો પથ્થર જેમ હતો તેમ પાછો મૂકી દીધો.

અને બાળકો ખુશ થતાં કૂતરાઓને લઈને ઘર તરફ ચાલ્યાં.

બાળકોને આટલાં સુંદર કૂતરાઓ સાથે આવેલા જોઈને તેમના માતાપિતા નવાઇ પામી ગયા.

બાળકોએ કઈ રીતે સાહસિકતાથી આ કૂતરાઓને મુક્ત કર્યા એ આખી ઘટના સાંભળીને તેમના માતા પિતા ખૂબ ખુશ થયા અને તેમને બાળકો પર ગર્વ થયો.

પોલીસ બોલાવવામાં આવી. બાળકોએ પોલીસને બધીજ વાત કરી. ''છોકરાઓ શાબાશ ! તમને અભિનંદન. આ કૂતરાઓની હમણાં બહુ ચોરી થાય છે. પણ અમે હવે એ ચોરને પકડી પાડીશું. અને કૂતરાઓના માલિકને પણ શોધી કાઢીશું.'' પોલીસ ઈન્સ્પેક્ટરે કહ્યું.

''શું અમે તેમને રાખી શકીએ જો એમના માલિક ન મળે તો ?'' મિતાલી અધીરાઈથી બોલી ઊઠી.

પરંતુ સાંજ સુધીમાં તો તેમના માલિકનો પત્તો લાગી ગયો. અને એ કૂતરાઓને લેવા આવી પહોંચ્યાં. બાળકોએ નિરાશ થઈને એ વહાલા કૂતરાઓને વિદાય આપવી પડી.

પણ ના, ના વાર્તા અહીં પૂરી નથી થતી. એક દિવસ મોહિત–મિતાલીના ઘરે કોઈ એક નાનકડું ખોખું આપી ગયું જેમાં ઘણાં છિદ્રો હતા.

બાળકોએ ખોલીને જોયું તો એમાં સરસ મજાનું નાનકડું ગલુડિયું હતું. જે તેમને ભેટ આપવામાં આવ્યું હતું. બંને ભાઈબહેન આનંદમાં આવી કૂદી પડયાં.

બાળકોએ કવિત અને રોહિતને પણ બોલાવી લીધા અને બધા આનંદમાં આવીને ગલુડિયાને રમાડવાં લાગ્યાં.

■